# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-01-2025** **Morning : 7.45 to 7.55**
**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં બહુવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બેંગલુરુના નિમ્હાન્સ ખાતે મનોચિકિત્સા બ્લોક અને સેન્ટ્રલ લેબોરેટરી સંકુલનું ઉદ્ઘાટન કરશે.
- ✓ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ આસામની એક દિવસીય મુલાકાત લઈ અનેક પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરશે.
- ✓ દૂરસંચાર વિભાગે ટેલિકોમ સેવા પ્રદાતાઓ સાથે સંકલન કરીને મહા કુંભ મેળા 2025 માટે ટેલિકોમ સેવાઓને મજબૂત બનાવી.
- ✓ દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતના જામનગરના મરીન નેશનલ પાર્કમાં કિચડીયા પક્ષી ગણતરીનો આજથી પ્રારંભ થશે.
- ✓ મહિલા ફૂટબોલમાં ભારતીય ટીમે ગઈકાલે માલદીવ્સ સામે 11-1થી જીત મેળવી છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM- DELHI PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીમાં બહુવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ જેજે ક્લસ્ટરના રહેવાસીઓ માટે લગભગ 1700 નવા બાંધવામાં આવેલા આવાસોનું પણ ઉદ્ઘાટન કરશે અને નવા બનેલા અશોક વિહારમાં લાભાર્થીઓને ચાવીઓ સોંપશે. શ્રી મોદી બે શહેરી પુનઃવિકાસ પ્રોજેક્ટ્સ- નૌરોજી નગર ખાતે વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે.

આ ઉપરાંત, લગભગ 300 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ દ્વારકા ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના સંકલિત કાર્યાલય સંકુલનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી દિલ્હી યુનિવર્સિટીમાં 600 કરોડ રૂપિયાથી વધુના ત્રણ નવા પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કરશે. ઉપરાંત શ્રી મોદી નજફગઢના રોશનપુરા ખાતે વીર સાવરકર કોલેજનો શિલાન્યાસ કરશે.

# BJP PRAMUKH NIMNUK

ભારતીય જનતા પાર્ટીએ પ્રદેશ પ્રમુખો અને પાર્ટીની રાષ્ટ્રીય પરિષદના સભ્યોની પસંદગી માટે અધિકારીઓની નિમણૂક કરી છે. આ યાદીમાં કેન્દ્રીય મંત્રીઓ અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓના નામ સામેલ છે.

કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને ગુજરાત માટે ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને કર્ણાટકની, કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને ઉત્તર પ્રદેશની, કેન્દ્રીય

મંત્રી મનોહર લાલને બિહારની, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને મધ્યપ્રદેશની અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુને સિક્કિમની જવાબદારી સોંપવામાં આવી છે.

## PREZ - GOLDEN JUBILEE CELEBRATION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બેંગલુરુમાં રાષ્ટ્રીય માનસિક સ્વાસ્થય અને તંત્રિકા વિજ્ઞાન સંસ્થાના સુવર્ણ જયંતીના ઉજવણી પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ નવા મનોચિકિત્સા બ્લોક, સેન્ટ્રલ લેબોરેટરી સંકુલ અને હોસ્ટેલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ઉત્તર કર્ણાટકના બેલગાવીમાં એક અત્યાધુનિક કેન્સર હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે રાજ્યપાલ થાવરચંદ ગેહલોત, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, પ્રહલાદ જોશી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## UNION IMB-GUWAHATI VISIT

કેન્દ્રીય રેલ્વે અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે આસામની એક દિવસીય મુલાકાતે છે. શ્રી વૈષ્ણવ તેમની મુલાકાત દરમિયાન કનેક્ટિવિટી વધારવા અને માળખાકીય વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુથી અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

શ્રી વૈષ્ણવ આજે ગુવાહાટીની મુલાકાત લઈને અનેક પરિયાજનાઓનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે રાજ્યપાલ એલ પી આચાર્ય, મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને અન્ય મહાનુભાવો હાજર રહેશે. શ્રી વૈષ્ણવ ગુવાહાટી-નવી લખીમપુર જન શતાબ્દી એક્સપ્રેસ, નવી બોંગાઈગાંવ-ગુવાહાટી પેસેન્જર ટ્રેન અને તિનસુકિયા-નાહરલાગુન એક્સપ્રેસને લીલી ઝંડી આપશે.

## MALDIVES FM VISIT

માલદીવના વિદેશ મંત્રી અબ્દુલ્લા ખલીલ આજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે બેઠક કરશે. ગઈકાલે સાંજે તેઓ ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા.

## KUMBH- MINISTRY OF COMMUNICATIONS

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ દરમિયાન મોટી સંખ્યામાં ભક્તોની હાજરીની સંભાવનાને ધ્યાનમાં રાખીને સંદેશાવ્યવહારને મજબૂત કરવા સૂચના આપવામાં આવી છે. આ માટે ઓપ્ટિકલ ફાઈબર નાખવામાં આવ્યા છે અને 328 નવા ટાવર અને પિલર લગાવવામાં આવ્યા છે. પ્રયાગરાજમાં રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, એરપોર્ટ સહિત મુખ્ય જાહેર સ્થળો પર ટેલિકોમ સેવામાં સુધારો કરવામાં આવી રહ્યો છે. 53 હેલ્પડેસ્ક પણ મુકવામાં આવ્યા છે.

## MEA FISHERMEN

વિદેશ મંત્રાલયે જાહેરાત કરી છે કે, ગઈકાલે બાંગ્લાદેશ સત્તાવાળાઓ દ્વારા 95 ભારતીય માછીમારોને બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડને સોંપવામાં આવ્યા હતા, જેઓ તેમને આગામી રવિવારે ભારતીય કોસ્ટ ગાર્ડને સોંપશે. વિદેશ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત તેના માછીમારોની સુરક્ષા અને કલ્યાણને સૌથી વધુ મહત્વ આપે છે. આગામી રવિવારે 90 બાંગ્લાદેશી માછીમારોને પણ બંને દેશોના કોસ્ટ ગાર્ડ સત્તાવાળાઓ વચ્ચે પરસ્પર વિનિમય કર્યા બાદ મુક્ત કરવામાં આવશે.

તાજેતરના મહિનાઓમાં ભારતીય માછીમારો અજાણતામાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા પાર કરીને બાંગ્લાદેશની જળસીમામાં પ્રવેશ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આવા જ સંજોગોમાં ભારતીય અધિકારીઓ દ્વારા પણ કેટલાય બાંગ્લાદેશી માછીમારોની ધરપકડ કરવામાં આવી છે.

## GAZA-AIRSTRIKE

ગાઝામાં ઈઝરાયેલ દ્વારા કરાયેલા હવાઈ હુમલામાં હમાસના નિયંત્રણ હેઠળના પોલીસ દળના વડા મહમૂદ સાલેહ સહિત 68 લોકોના મોત થયા છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન માનવતાવાદી સહાય ક્ષેત્ર જાહેર કરાયેલા અલ-માવશી જિલ્લામાં આ હુમલો થયો હતો. પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની રાહત અને બચાવ એજન્સીના વડા ફિલિપ લઝારીએ આ હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે

# GUJ.- BIRDS CENSUS

દેશમાં સૌ પ્રથમવાર ગુજરાતના જામનગરના મરીન નેશનલ પાર્ક અને અભયારણ્યમાં દરિયાકાંઠાના કિચડીયા પક્ષી ગણતરી સેન્સસ આજથી શરૂ થશે. વન વિભાગ તેમજ બર્ડ કન્ઝર્વેશન સોસાયટીના સંયુક્તલ ઉપક્રમે ત્રણ દિવસ આ ગણતરી હાથ ધરાશે. ખાસ પસંદ કરાયેલા સ્થળોમાં દેવભૂમિ દ્વારકા, જામનગર અને મોરબી જિલ્લાઓમાં ફેલાયેલા અંદાજિત 170 કિમીનો દરિયાકાંઠો અને ઓખાથી નવલખી સુધીના 45 ટાપુઓ છે. ત્રી દિવસીય કાર્યક્રમમાં વનસંવર્ધન અને વન્યજીવ નિષ્ણાંતો દ્વારા વાર્તાલાપ કરવામાં આવશે.

અમદાવાદના અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટ વધુ માહિતી આપી રહ્યા છે.

(બાઇટ- અપર્ણા ખૂંટ- સંવાદદાતા)

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આગામી બે થી ત્રણ દિવસ માટે ભારતના ઉત્તર, પૂર્વ અને મધ્ય ભાગોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, હિમાચલ પ્રદેશ અને મધ્ય પ્રદેશના અલગ-અલગ વિસ્તારોમાં પણ ગાઢ ધુમ્મસનો અનુભવ થવાની શક્યતા છે. બિહારના કેટલાક ભાગોમાં આજે ઠંડીનું મોજુ ફરી વળે તેવી પણ સંભાવના છે.

હવામાન વિભાગે આગામી 5 દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે. આ સાથે જ આગામી 3 દિવસમાં મધ્ય અને પૂર્વ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની સંભાવના નથી.

## GADKARI- DELHI PROJECTS

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દિલ્હીની પરિવહન વ્યવસ્થાને સુધારવા અને શહેરમાં ભીડ તેમજ પ્રદૂષણ ઘટાડવા માટે 12 હજાર 500 કરોડ રૂપિયાની પરિયોજનાઓની જાહેરાત કરી હતી. તેમણે દિલ્હી માટે સેન્ટ્રલ રોડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી 1200 કરોડ રૂપિયાના ફંડની પણ જાહેરાત કરી હતી. આ પરિયોજના હેઠળ દિલ્હી-કટરા એક્સપ્રેસ વેનું સીધું જોડાણ થશે.

## WOMEN'S FOOTBALL

ભારતીય મહિલા ફૂટબોલ ટીમે ગુરુવારે બેંગલુરુમાં માલદીવ્સ સામે 11-1થી જીત મેળવી છે.  માલદિવ માટે એકમાત્ર ગોલ મરિયમ રિફાએ કર્યો હતો. વિશ્વમાં 69મા ક્રમે રહેલી ભારતીય ટીમે 163મા ક્રમે રહેલા માલદીવ સામે મેચમાં શરૂઆતથી અંત સુધી ટક્કર આપી હતી. આ પહેલા સોમવારે પ્રથમ મેચમાં ભારતે માલદીવને 14-0ના મોટા અંતરથી હરાવ્યું હતું.

## CRICKET

ક્રિકેટમાં, સિડનીમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની 5મી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ઇનિંગમાં ભારતે છેલ્લા અહેવાલો અનુસાર  ત્રણ વિકેટે 60 રન  બનાવ્યા છે.

ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ચોથી ટેસ્ટમાં, યજમાન ઓસ્ટ્રેલિયાએ મેલબોર્નમાં ભારતીય ટીમ પર 184 રનથી વિજય મેળવ્યો હતો અને શ્રેણીમાં 2-1ની સરસાઈ મેળવી હતી.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- ખેડૂતોના પ્રશ્નો અંગે સર્વોચ્ચ અદાલતમાં થયેલી સુનાવણી અંગેના સમાચારોને બધા અખબારોએ મુખ્ય હેડલાઇનમાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે- ખેડૂતોની ફરિયાદોને કેન્દ્ર ગંભીરતાથી કાને ધરે- સુપ્રીમ/ નવ ગુજરાત સમય લખે છે- કેન્દ્ર ખેડૂતોને કેમ સાંભળતી નથી.. સુપ્રીમનો વેધક સવાલ. દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે- ખેડૂત આંદોલન મુદ્દે કોઇ સમજૂતી થાય તેવું પંજાબ સરકાર ઇચ્છતી નથી- સુપ્રીમ કોર્ટ.
- અમેરિકામાં નવા વર્ષે થયેલા હુમલાના સમાચારને મુખ્ય હેડલાઇન બનાવતા સંદેશ લખે છે- ન્યૂર્યોકમાં નાઇટ કલબમાં અંધાધૂધ ગોળીબાર-11 લોકો ઘાયલ. લાસ વેગાસમાં ટેસ્લા સાયબર ટ્રકમાં વિસ્ફોટ. એક વ્યક્તિનું મોત. દિવ્ય ભાસ્કરની હેડલાઇન છે- પાક મૌલવીએ હુમલાખોરનું બ્રેન વોશ કર્યું હતું.
- શેરબજારમાં ઉછાળાના સમાચારને સ્થાન આપતાં નવ ગુજરાત સમય લખે છે- પાર્ટી શરૂ. સેનસેક્સ 1436 પોઇન્ટ ઉછળ્યો. ગુજરાત સમાચાર લખે છે-

શેર બજારમાં તેજીના સૂસવાટા. જ્યારે રૂપિયો તૂટીને 85 પોઇન્ટ 75 ના નવા તળિયે. સંદેશની હેડલાઇન છે- શેરબજારમાં ન્યૂયર પાર્ટી યથાવત- સેનસેક્સ 1436 પોઇન્ટ ઉછળ્યો.

- સ્થાનિક સમાચારોમાં દિવ્ય ભાસ્કરે બોપલમાં ભરબપોરે જ્વેલર્સની દુકાનમાં લૂંટ- ચાર લૂંટારુ થેલા ખિસ્સામાં 50 લાખના દાગીના લઇ ફરાર સમાચારને સ્થાન આપ્યું છે. સંદેશે એટીએસની જેમ હવે એસએમસીને તપાસનો સ્વતંત્ર હવાલો ગમે તે સ્થળે ફરિયાદ નોંધી શકશે, સમાચારને સ્થાન આપ્યું છે.